ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



**કોંગ્રેસના કાર્યકરોમાં ભારે નિરાશાનુ મોજુ ફરી વળ્યુ**

## લીમખેડામાં કોંગ્રેસને મોટો ફટકો, ટીના પ્રજાપતિએ ફોર્મ પરત ખેંચ્યું

**મુખ્ય પ્રતિસ્પર્ધી** કોંગ્રેસના ઉમેદવારે જ પોતાનું ફોર્મ પરત ખેંચી લેતા ભાજપ માટે જીતનો માર્ગ સાવ સરળ બની ગયો



(પ્રતિનિધિ) લીમખેડા, તા.15

અંતિમ ઘડીએ મેદાન છોડતા વિપક્ષી છાવણીમાં સન્નાટો છવાયો લીમખેડા તાલુકા પંચાયતની ચૂંટણી પૂર્વે જ સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. પક્ષપલટા અને નારાજગીના દોર વચ્ચે અંતે સમીકરણો એવા પલટાયા છે કે વિપક્ષી છાવણીમાં સોપો પડી ગયો છે. ટિકિટની ખેંચતાણથી શરૂ થયેલો આ ખેલ હવે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવા સુધી પહોંચતા લીમખેડા બેઠક પર ભાજપની પકડ વધુ મજબૂત બની હોવાનું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે." ભાજપમાં ટિકિટ ન મળતા ભગવો છોડી પંજો પકડ્યો હતો લીમખેડા તાલુકા પંચાયતની સામાન્ય સ્ત્રી અનામત બેઠક પરથી ચૂંટણી લડવા માટે ટીનાબેન મુકેશભાઈ પ્રજાપતિ લાંબા સમયથી તૈયારી કરી રહ્યા હતા. તેઓ ભાજપના સક્રિય કાર્યકર તરીકે પક્ષમાં કાર્યરત હતા અને આ બેઠક પરથી ભાજપની ટિકિટ મેળવવા પ્રબળ દાવેદાર હતા. જોકે, ભાજપે તેમને ટિકિટ ન આપતા ટીનાબેને બળવો કર્યો હતો. નારાજગીના પગલે તેમણે ભાજપ સાથે છેડો ફાડી દીધો અને તાત્કાલિક કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. કોંગ્રેસે પણ આ તકનો લાભ લઈ ભાજપના ગઢમાં ગાબડું પાડવા ટીનાબેનને પોતાના સત્તાવાર ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા હતા. "ચૂંટણીના માહોલ વચ્ચે અચાનક જ ટીનાબેન પ્રજાપતિએ પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લેતા રાજકીય પંડિતો પણ ચોંકી ઉઠ્યા છે. જે ઉમેદવારના ભરોસે કોંગ્રેસ આ બેઠક જીતવાના સપના જોતી હતી, તેમણે જ છેલ્લી ઘડીએ પીછેહઠ કરી લેતા કોંગ્રેસ પક્ષ હવે રણમેદાનમાં સૈનિક વગરના સેનાપતિ જેવી સ્થિતિમાં મુકાઈ ગયો છે. આ ઘટનાને પગલે કોંગ્રેસના કાર્યકરોમાં ભારે નિરાશા જોવા મળી રહી છે અને પક્ષની આબરૂના ધજાગરા ઉડ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે."

"લીમખેડા બેઠક પરંપરાગત રીતે ભાજપનો ગઢ રહી છે. હવે જ્યારે મુખ્ય પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવારે જ પોતાનું ફોર્મ પરત ખેંચી લેતા ભાજપ માટે જીતનો માર્ગ સાવ સરળ બની ગયો છે. રાજકીય વિશ્લેષકોના મતે હવે અહીં એકતરફી માહોલ જોવા મળી રહ્યો છે. ભાજપના કાર્યકરોમાં આ સમાચારને પગલે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને તેઓ હવે આ જીતને માત્ર ઔપચારિકતા માની રહ્યા છે." " હવે ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધી ટક્કર કોંગ્રેસ રેસમાંથી બહાર ફેંકાઈ જતાં હવે લીમખેડા બેઠક પર ભાજપ અને આમ આદમી પાર્ટી (AAP) ના ઉમેદવારો વચ્ચે સીધો મુકાબલો થશે.

**દેશના તમામ નામી અનામી ફાયર ફાઈટર અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી**

## હાલોલ નગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમ દ્વારા અગ્નિસમન સેવા દિનની ઉજવણી



(પ્રતિનિધિ) હાલોલ, તા.15

હાલોલ નગરપાલિકાની ફાયર ફાઈટર ની ટીમ દ્વારા 14 મી એપ્રિલ મંગળવારના રોજ અગ્નિસમન સેવા દિનની ઉજવણી કરી ફાયર બ્રિગેડના નામી અનામી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. વર્ષ 1944 માં 14મી એપ્રિલના દિવસે મુંબઈ ડોકયાર્ડમાં વિસ્ફોટક ભરેલા દારૂગોળા તથા અન્ય જવલનસીલ માલસામાન ભરેલ એક એસ.એસ. ફોર્ટ બ્રિટિશ માલવાહક જહાજમાં ભયંકર ધડાકા સાથે આગ લાગી હતી. જેમાં આગને ઓલવવાની કામગીરી દરમિયાન ફાયર બ્રિગેડના 66 જવાનોએ લોક સલામતી કાજે પોતાના જીવ ની પરવા કર્યા વિના દેશની માલ મિલકતનું રક્ષણ કરવા તેમજ લોકોની જાનની સલામતી કાજે પોતાની જાતને ન્યોછાવર કરી પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું હતું. જેમાં આ ભયાનક હોનારતમાં 300 થી પણ વધારે લોકોએ પોતાના જાન ગુમાવી હોનારતનો ભોગ બન્યા હતા.જેમાં કુદરતી હોનારતો અને માનવસર્જિત હોનારતોમાં લોકોના જાન માલનું રક્ષણ કરવા પોતાના જીવને ન્યોછાવર કરી પોતાના પ્રાણની આહુતિ આપનાર અને ફાયર બ્રિગેડનું ગૌરવ વધારનાર નામી અનામી ફાયર બ્રિગેડના શહીદોની યાદમાં ભારત સરકારના આદેશથી દર વર્ષે ૧૪મી એપ્રિલના રોજ અગ્નિસમન સેવા દિન મનાવાય છે.જે અંતર્ગત હાલોલ નગરપાલિકાની ફાયર ફાઈટર ટીમના કર્મચારીઓ દ્વારા ૧૪ મી એપ્રિલ મંગળવારના રોજ અગ્નિસમન સેવા દિન નિમિત્તે નગરના રાજમાર્ગો પર અગ્નિસમન વાહનોનું પ્રદર્શન કરી નગરના વડોદરા રોડ પર આવેલ ફાયર સ્ટેશન ને વિવિધ કાર્યક્રમો થકી ૧૪ મી એપ્રિલ અગ્નિસમન સેવા દિનની ઉજવણી કરી હતી.

**અડાદરા બેઠકના અપક્ષ ઉમેદવારે કર્યા આક્ષેપ**

## કાલોલ તાલુકા પંચાયતની 6 બેઠકો તેમજ જિલ્લા પંચાયતની 1 બેઠક પર ભાજપ બિનહરીફ



(પ્રતિનિધિ) કાલોલ, તા.15

ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે કાલોલ તાલુકા પંચાયતની 6 બેઠકો ઉપર હરીફ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચતા ભાજપના 1. ડેરોલ સ્ટેશન સંજય રાઠોડ,2. ખરસલીયા :- ચંપા બેન મનહરભાઈ, 3. વ્યાસડા: ચેતનાબેન શિશુનાથસિંહ ઠાકોર, 4. અડાદરા :- યઝુવેન્દ્રસિંહ જાદવ,5. કરોલી :ધર્મેન્દ્રસિંહ જાદવ,6. ચલાલી :- મીનાક્ષીબેન રાજેન્દ્ર ચૌહાણ જ્યારે પંચમહાલ જીલ્લા પંચાયતની કરોલી જીલ્લા પંચાયતમા હરીફ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચતા નીરુબેન ધર્મેન્દ્ર સિંહ બિન હરીફ થયેલ છે. જેથી ભાજપના સમર્થકો અને નેતાઓ ની હાજરીમાં ફટાકડા ફોડી હાર પહેરાવી એક બીજાના મોઢા મીઠા કરાવી ઉજવણી કરી હતી. સાંસદ રાજપાલસિંહ જાદવ તેમજ જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ, મંડળ પ્રમુખ મહિદીપસિહ ગોહિલ તેમજ બિનહરીફ થયેલ ઉમેદવારો ની હાજરીમાં એકબીજાને અભિનંદન પાઠવ્યા હતા અને ડીજે ના તાલે રેલી યોજી હતી. બીજી તરફ અડાદરા બેઠકના અપક્ષ ઉમેદવાર નરેન્દ્રસિંહ જસવંતસિંહ જાદવે પોતે ઉમેદવારી પરત ખેંચી નથી પરંતુ હરીફ ઉમેદવારે ચકાસણી ના દિવસે ફોન કરી પોતાની એક સહી બાકી રહી ગઈ હોવાનો ફોન કરી બોલાવી કોરા ફોર્મ મા પોતાની સહી કરાવી તેમાં ફોર્મ પરત ખેંચવાની વિગતો ભરી દીધી હોવાનો આક્ષેપ કર્યો છે બીજી તરફ મદદનીશ ચૂંટણી અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી કાલોલે જણાવ્યુ છે આક્ષેપો સાવ ખોટા છે અપક્ષ ઉમેદવાર પોતે ઉમેદવારી પરત લેવાનુ ફોર્મ લઈને આવ્યા હતા અને વિડિઓ કેમેરા સામે પોતાની ઉમેદવારી પરત ખેંચી છે.

## સંજેલી તાલુકામાં મતદારો દ્વારા પરિવર્તન લાવી અને નવાજૂની કરવાના એંધાણ

(પ્રતિનિધિ) સંજેલી, તા.15

હાલમાં ચૂંટણીને લઈને માહોલ ગરમાયો છે ત્યારે સંજેલી તાલુકામાં ચૂંટણીનો માહોલ માં રંગ જામ્યો હોય તેમ જોવા મળી રહ્યું છે જેમાં સંજેલી તાલુકામાં તાલુકા પંચાયતની 16 તેમજ જિલ્લા પંચાયતની બે બેઠકો ઉપર વિવિધ પાર્ટીના ઉમેદવારોએ મેદાનમાં ઉતરી અને પોતાની જીતના દાવાઓ બાબતે દોડધામ કરતા જોવાઈ રહ્યા હોય તેમ જણાઈ રહ્યું છે ત્યારે વિવિધ પાર્ટીઓમાંથી ઉભેલા ઉમેદવારોમાં પોતે અથવા પોતાના પરિવાર પરિજનો ના લોકો રાજકારણમાં લાંબા સમયથી જોડાયેલા હોય તેવા પણ લોકો છે તેમજ ક્યાંક નવા પણ ચહેરાવો રાજકારણમાં જોવા મળી રહ્યા છે જે વિવિધ પાર્ટીના ઉમેદવારો માં સ્થાનિક મતદારો ને હવે કેવી રીતે મનાવશે અને પોતાની જીત પાકી કરશે તે બાબતને લઈને પણ વિવિધ ચર્ચાઓએ જોર પકડ્યું છે જેમાં સંજેલી તાલુકામાં તો રાજકારણ જૂનું હોય પણ પ્રજાનું ભવિષ્ય બાબતે ચિંતા કરતા ચૂંટાઈ આવેલા જન પ્રતિનિધિઓ પર ભૂતકાળમાં પણ વિવિધ કામગીરીઓને લઈને સારા તેમજ નરસા અનુભવો મતદારો કરી ચૂક્યા છે ત્યારે હાલમાં જ મતદારોએ નિર્ણય કરવાનો રહેશે કે આ ચૂંટણીમાં જે ઉમેદવારોએ ઉમેદવારી વિવિધ પાર્ટીઓ થકી ઉમેદવારી નોંધાવી છે તે આવનાર સમયમાં પ્રજા માટે કઈ રીતના મદદરુપ થશે તેમ જ લોકહિત માટે કઈ કઈ બાબતોને ધ્યાનમાં લેશે કે પછી ચૂંટાઈને આવ્યા પછી પોતે પોતાનો રૂવાબ બતાવશે. ભાજપ કોંગ્રેસ આમ આદમી પાર્ટી બાપ પાર્ટી સહિતની પાર્ટીઓ હાલમાં ચૂંટણીમાં ઝંપલાવ્યું છે

## પંચમહાલના અંતરિયાળ ગામડાઓમાં લગ્નગાળામાં બાળમજૂરીનો સિલસિલો યથાવત



(પ્રતિનિધિ) હાલોલ, તા.15

પંચમહાલ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં લગ્નગાળાની સિઝનમાં નાના બાળકો પાસે રાત-ઉજાગરા કરાવીને મજૂરી કરાવવાની શરમજનક ઘટનાઓ હજુ પણ બેરોકટોક ચાલુ છે. અગાઉ ૧૧ માર્ચના રોજ સચિત્ર અહેવાલ પ્રસિદ્ધ કરીને તેમજ ઉચ્ચ કક્ષાએ પુરાવા સાથે જાણ કરીને તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. તેમ છતાં પરિસ્થિતિમાં કોઈ જ સુધારો આવ્યો નથી અને હાલત જૈસે થે જોવા મળી રહી છે. આજે પણ લગ્ન પ્રસંગોમાં વરઘોડામાં ઝુમર લાઈટ ઉંચકવા કે અન્ય કામો માટે ૧૦ થી ૧૫ વર્ષના કુમળી વયના બાળકોનો ખુલ્લેઆમ ઉપયોગ થઈ રહ્યો છે. માત્ર ૩૦૦ થી ૪૦૦ રૂપિયાની નજીવી રકમ આપીને આખી રાત શારીરિક શ્રમ કરાવવામાં આવે છે. સરકારના રાઈટ ટુ એજ્યુકેશન અને બાળ મજૂરી પ્રતિબંધક કાયદાઓ જાણે પંચમહાલના આ ગામડાઓમાં નિષ્ફળ ગયા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. તંત્ર દ્વારા કોઈ જ નક્કર કાર્યવાહી કે સઘન ચેકિંગ ન થતું હોવાથી એજન્ટો બેફામ બન્યા છે. શિક્ષણ મેળવવાની ઉંમરે આ બાળકોનું બાળપણ રોળાઈ રહ્યું છે. ત્યારે જવાબદાર વિભાગો માત્ર કાગળ પર જ કાર્યવાહી કરતા હોવાનો રોષ જોવા મળી રહ્યો છે. આ બાબતે ગુજરાત મિત્રના પત્રકાર આશિષ બારીઆએ પંચમહાલના મદદનીશ શ્રમ આયુક્ત અધિકારી એમ. જે. સોનીનો સંપર્ક કરતા તેમણે સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું હતું કે, "બાળ મજૂરીની આ ઘટનાઓની સઘન તપાસ કરવા માટે શ્રમ વિભાગ દ્વારા એક ખાસ કમિટી બનાવવામાં આવી છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ તેની નકલ પૂરી પાડવામાં આવશે. વિભાગ દ્વારા જિલ્લામાં દર મહિને નિયમિત દરોડાની કામગીરી કરવામાં આવે જ છે પરંતુ જો કોઈ ચોક્કસ જગ્યા કે વિસ્તારની સીધી માહિતી મળે તો ત્યાં તાત્કાલિક તપાસ કરવામાં આવે છે.

## સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે 2.25 કરોડ અતિમહારૂદ્ર યાગનો ભવ્ય પ્રારંભ



**હાલોલ :** ગુજરાતના ઐતિહાસિક શક્તિપીઠ પ્રખ્યાત યાત્રાધામ પાવાગઢ ખાતે માં શક્તિના નવાણ મંત્ર યજ્ઞની પૂર્ણા વતી થતા જ ભોળાશિવનો અતિ મહારુદ્રયાગ ભવ્ય અને આધ્યાત્મિક મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં અગાઉ યોજાયેલ 24 કરોડ નર્વાણ મંત્ર અનુષ્ઠાન 76 દિવસમાં સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ હવે વધુ વિશાળ સ્તરે 2.25 કરોડ અતિમહારૂદ્ર યાગનો આજથી પંડિતો અને પ્રખર ભૂદેવ ની હાજરીમાં શાસ્ત્રોક વિધિ વિધાન મુજબ પ્રારંભ થયો છે, જે સમગ્ર ગુજરાત અને ભારતમાં ભક્તિમય માહોલ સર્જી રહ્યો છે. આ અતિ મહારુદ્ર યાગ મહાયજ્ઞનો પ્રારંભ તા. 15 એપ્રિલ 2026ના રોજ સવારે 8 વાગ્યે વૈદિક મંત્રોચ્ચાર અને મહાપૂજા સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સવારે 10:30 વાગ્યાથી યજ્ઞમાં આહુતિ આપવાની વિધિ શરૂ કરવામાં આવી, જેમાં પ્રથમ દિવસથી જ મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો હતો.

## આગ ઓકતી ગરમી વચ્ચે દાહોદમાં ફરી એક વખત માવઠું થવાની આગાહી

(પ્રતિનિધિ) દાહોદ, તા.15

પાકિસ્તાન અને રાજસ્થાનની આસપાસ એક અપર એર સર્ક્યુલેશન સક્રિય થયું છે. તેમજ ઉત્તરપ્રદેશથી મણીપુર અને બિહારથી તામિલનાડુ સુધી વિસ્તરેલા ટ્રફને કારણે હવામાન પ્રણાલી પ્રભાવિત થઈ રહી છે. ૧૫મી એપ્રિલની રાત્રી પશ્ચિમ હિમાલયના પ્રદેશોમાં એક નવું નબળું વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સક્રિય થવાની સંભાવના હોવાથી હવામાન વિભાગે ફરી એકવાર રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરીને ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે. ઉલ્લેખનીય છે કે, એપ્રિલ મહિનાની શરૂઆતથી જ ગુજરાતના હવામાન માં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યા છે. એક તરફ રાજ્યના મોટા શહેરોમાં પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચતા કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. વધુમાં હવામાન વિભાગે આગામી સમયમાં ૨ થી ૩ ડિગ્રીનો તાપમાનમાં વધારો થવાની આગાહી પણ કરી હતી. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે કહ્યું હતું કે, તારીખ ૧૯ એપ્રિલના રોજ દાહોદ જિલ્લા સહિત અમરેલી, ભાવનગર, સાબરકાંઠા, અરવલ્લી, તેમજ મહીસાગર જિલ્લાના છુટા છવાયા સ્થળો પર ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. ૨૦મી એપ્રિલના રોજ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં માવઠાની શક્યતા છે. સાબરકાંઠા અરવલ્લી અને મહીસાગર સહિતના વિસ્તારોમાં ફરી વરસાદી માહોલ જોવા મળી શકે છે. ઉનાળાના પાક અને માર્કેટ યાર્ડમાં પડેલી જણસી ઓ માટે આ કમોસમી વરસાદ નુકસાનકારક સાબિત થઈ શકે છે.

## પંચમહાલમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને અનુલક્ષીને પોલીસ સજ્જ



**ગોધરા :** આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને પંચમહાલ જિલ્લા પોલીસ અત્યારથી જ એક્શન મોડમાં આવી ગઈ છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને ચૂંટણીઓ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે હેતુથી, જિલ્લા પોલીસ અધિક્ષક ડો. હરેશભાઈ દુધાતના સીધા માર્ગદર્શન હેઠળ ગોધરા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે પોલીસ જવાનો માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. કટોકટીના સમયે અને ખાસ કરીને ચૂંટણી દરમિયાન કોઈપણ અનિચ્છનીય પરિસ્થિતિને પહોંચી વળવા માટે યોજાયેલી આ અતિ મહત્વની તાલીમમાં આશરે 50 જેટલા પોલીસ જવાનોએ ભાગ લીધો હતો. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ દરમિયાન ઘણીવાર ઘર્ષણ કે ટોળાં વિખેરવાની નોબત આવતી હોય છે ત્યારે તેને સુરક્ષિત રીતે કેવી રીતે નિયંત્રિત કરવું તે માટે આ શસ્ત્ર અને સાધનોની તાલીમ આગામી ચૂંટણીના અનુસંધાને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ તાલીમ થકી પંચમહાલ પોલીસની કામગીરી અને તેમની સજ્જતા વધુ મજબૂત બની છે.

**પોલીસની કડક કાર્યવાહીથી બે નંબરી કરનારાઓમાં ફફડાટની લાગણી વ્યાપી ગઇ**

## પંચમહાલમાં ચોરીની ઈકો કાર પર સ્ક્રેપ વાહનોના ચેસીસ નંબર લગાવી વેચવાના કૌભાંડનો પર્દાફાશ

**૧૬ વાહનોની** અસલ આર.સી. બુક મળી કુલ રૂ. ૧૦.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો




(પ્રતિનિધિ) ગોધરા, તા.15

પંચમહાલ એસ.ઓ.જી. પોલીસે ગોધરામાં ચોરીની ઈકો ગાડીઓ પર સ્ક્રેપ થયેલા વાહનોના ચેસીસ નંબર અને નંબર પ્લેટ લગાવીને વેચવાના એક મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ રેકેટમાં એક આરોપીની ધરપકડ કરી રૂ. ૧૦.૨૦ લાખની કિંમતની ૪ ચોરાઉ ઈકો કાર સહિત મોટા પ્રમાણમાં વાહનોના સ્પેરપાર્ટ્સ અને દસ્તાવેજો જપ્ત કર્યા છે.

એસ.ઓ.જી. પીઆઈ એમ.એ. વાઘેલાને મળેલી બાતમીના આધારે ગોધરાના સિમલા વિસ્તારમાં આવેલ ઉસ્માની સ્ક્રેપમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું કે, આરોપી વસીમ સીદીક સમોલ રહે. મુસ્લીમ સોસાયટી એ, ઝકરીયા મસ્જીદ પાસે, ગોધરા જૂની કે અકસ્માત ગ્રસ્ત ઈકો ગાડીઓ તેની ઓરિજિનલ આર.સી. બુક સાથે ખરીદતો હતો. ત્યારબાદ તે ગાડીઓ સ્ક્રેપ કરી તેના ચેસીસ નંબરવાળી પ્લેટ ગેસ કટરથી કાપીને ચોરીની ઈકો ગાડીઓ પર લગાવી દેતો હતો. ચોરીની ગાડીઓ પર સ્ક્રેપ વાહનની નંબર પ્લેટ અને ઓરિજિનલ આર.સી. બુકનો ઉપયોગ કરી, કમિશન લઈને તે આ વાહનો અન્ય લોકોને વેચીને તેમના નામે ટ્રાન્સફર કરી આપતો હતો.

પોલીસે આરોપીની સઘન પૂછપરછ કરતાં જુદા-જુદા જિલ્લાઓમાંથી ચોરાયેલી ૪ ઈકો કાર કિંમત રૂ. ૧૦,૨૦,૦૦૦ રિકવર કરી છે. આ ઉપરાંત સ્થળ પરથી ૩૩ જુદા-જુદા ચેસીસ નંબર લખેલી લોખંડની પ્લેટો, ૩૪ આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર પ્લેટો અને ૧૬ વાહનોની અસલ આર.સી. બુક મળી કુલ રૂ. ૧૦.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ગોધરા રેન્જ ડીઆઈજી વિધી ચૌધરી અને પંચમહાલ એસપી ડૉ. હરેશભાઈ દુધાતના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ટીમે આ અનડિટેક્ટ ગુનાનો ભેદ ઉકેલ્યો છે.

## ઝાલોદમાં બાબાસાહેબની જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ) દાહોદ, તા.15

નેશનલ ક્રિશ્ચિયન કાઉન્સિલ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ડૉ. સેમ પોલે એક હાથમાં બાઈબલ અને બીજા હાથમાં સંવિધાન રાખીને સમાનતાનો સંદેશ આપ્યો; મોટી સંખ્યામાં ખ્રિસ્તી સમાજ ઉમટી પડ્યો. ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે આજે ઝાલોદ ખાતે એક ઐતિહાસિક અને પ્રેરણાદાયી દ્રશ્યો જોવા મળ્યા હતા. નેશનલ ક્રિશ્ચિયન કાઉન્સિલ (દ્રક્ષા) દ્વારા ઝાલોદ મુવાડા ખાતેના સ્થાનિક ચર્ચમાં બાબાસાહેબની ભવ્ય જન્મ જયંતિની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

**આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ નિયમોનું ઉલ્લંઘન કરનાર પેટ્રોલ પંપ સીઝ**

## ગોધરાના વાવડી બુજર્ગ સ્થિત પેટ્રોલ પંપ પર પુરવઠા વિભાગની આકસ્મિક તપાસ

(પ્રતિનિધિ) ગોધરા, તા.15

ગોધરા હાઈવે સર્વિસ પર વેચાણ પ્રતિબંધ પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી ડૉ. ભાર્ગવ ડાંગર અને તેમની ટીમ દ્વારા આજે ગોધરા-દાહોદ રોડ પર વાવડી બુજર્ગ ખાતે આવેલા ગોધરા હાઈવે સર્વિસ પેટ્રોલ પંપ પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પેટ્રોલિયમ પેદાશોના વેચાણ અને હિસાબોમાં ગંભીર અનિયમિતતાઓ જણાતા તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી વેચાણ સ્થગિત કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.

તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે, વાહનો સિવાયના પેટ્રોલ તથા ડીઝલના વેચાણના હિસાબો યોગ્ય રીતે રાખવામાં આવ્યા નહોતા. ભૌતિક ચકાસણી દરમિયાન નિર્ધારિત સ્ટોક કરતા ૬૭ લિટર પેટ્રોલ અને ૨૪ લિટર ડીઝલનો જથ્થો વધુ મળી આવ્યો હતો. સંચાલક દ્વારા બલ્ક કસ્ટમરનો (જથ્થાબંધ ગ્રાહકોનો) ફીલિંગ ડેટા નિભાવવામાં ન આવતા, સંગ્રહખોરીની શક્યતા ચકાસવા માટે



સીસીટીવી ફૂટેજનું DVR અને અન્ય દસ્તાવેજી પુરાવાઓ તપાસ અર્થે કબજે કરવામાં આવ્યા છે. વધુમાં, ગ્રાહકોને નિઃશુલ્ક પૂરી પાડવાની થતી 'એર પંપ'ની સુવિધા માટે પણ ગ્રાહકો પાસેથી નાણાં વસૂલવામાં આવતા હોવાનું તપાસમાં ખુલ્યું છે. પ્રાથમિક તપાસમાં સંચાલક દ્વારા 'આવશ્યક ચીજ-વસ્તુ અધિનિયમ-૧૯૫૫', 'પેટ્રોલિયમ રૂલ્સ-૨૦૦૨' તથા 'મોટર સ્પિરિટ એન્ડ હાઈસ્પીડ ડીઝલ ઓર્ડર-૨૦૦૫' ની જોગવાઈઓનો ભંગ થયેલો જણાય છે.